November 2019

પાટણ પ્રતિબિંબ

PATAN PRATIBIMB

Year 14 • Issue 01 / 153

• Mumbai • Page 12 • Price Rs. 2/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

પ્રમુખ સ્થાનેથી...

દિવાળી પછી **નૂતન વર્ષના સ્નેહમિલનનો કાર્યક્રમ** સૌએ આનંદથી માણ્યો. સંગીતના સથવારે તેમજ લકી ડ્રોની લોટરીએ સૌને કાર્યક્રમના અંત સુધી જકડી રાખ્યા. **શ્રી મણિલાલ લલ્લુચંદ પરિવાર (અતુલ ડ્રગ હાઉસ) પ્રેરીત** આ સમ્મેલન દાતા પરિવારના સક્રિય સહકારથી દિન પ્રતિદિન લોકપ્રિય તેમજ લોકચાહના મેળવતું થાય છે, તેનો આનંદ છે.

એકવીસમી સદીએ માનવજાત સમક્ષ જે સિદ્ધિઓ અને સંક્રમણો પ્રસ્તુત કર્યા છે. તેનાં ફલસ્વરૂપે જ્ઞાન અને વિજ્ઞાન અપ્રતિમ ઝડપથી વિકસી રહ્યા છે, પણ તેની સમતુલા અને સંવાદિતા માટે જરૂરી પ્રજ્ઞા, માનવતા, વિવેક અને શાંતિ વિરલ બની રહ્યા છે. આજની જીવનશૈલી એટલે શ્રમમુક્ત અને ચિંતાયુક્ત જીવનશૈલી! પરાવલંબન અને પરવશતા એટલી હદે વધી છે કે આજે માણસ સાધનો વાપરે છે કે સાધનો માણસને? તે પણ કહેવું મુશ્કેલ છે, મળે છે તેનો આનંદ નહીં અને નથી તે પામવાનો વસવસો! વસ્તુઓની વચ્ચે આપણે વ્યક્તિ મટીને જણસ બનીએ છીએ. અજંપાની આળપંપાળ કરવી, શાંતિને સુષુપ્ત રાખવી અને અશાંતિને ઉછેરવી, એ જાણે કે આપણાં અસ્તિત્વનું સર્વસ્વ હોય એ રીતે આપણે જીવીએ છીએ. જિંદગી હંમેશ ટાઈમટેબલનાં ખાનાઓમાં કે નીતિનિયમોના ચોકઠાઓમાં વહેંચી નાંખવાની ચીજ નથી. આ ખાનાઓ કે ચોકઠાઓમાંથી સમાજને કેટલીક ક્ષણો માટે બહાર લાવવાના જ શુભ આશયથી શતાબ્દી અવસરે ઉજવણી ભવ્ય રીતે કરવાનું સંસ્થા દ્વારા નક્કી થયેલ છે અને આ અંક આપના હાથમાં આવશે ત્યારસુધી તો તે સુખદ સંસ્મરણોમાં સમાઈ ગયેલ હશે. **NSCI Domeમાં શક્યતઃ વધુમાં વધુ સભ્યોનો સમાવેશ કરવાના પ્રયત્નો છતાં કેટલાંક પરિવારોને પ્રવેશ પાસથી વંચિત રહેવું પડ્યું તેનો મને રંજ છે.**

ભવ્ય શતાબ્દી ઉજવણીના બીજા અને અંતિમ તબક્કારૂપે **પાટણ ખાતે રવિવાર તા. ૧૫-૧૨-૨૦૧૯ના** પણ **સ્નેહ મિલન તથા મનોરંજન કાર્યક્રમનું** આયોજન ગોઠવવામાં આવેલ છે, જેમાં પણ સમાજના સર્વે પરિવારજનોને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ આપું છું.

સમાજના વિદ્યાર્થીઓએ તેમની વાર્ષિક પરિક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે તેમને **પારિતોષિક તથા મેરીટ સર્ટીફિકેટ એનાયત કરવાનો સમારંભ, રવિવાર, તા. ૨૨-૧૨-૨૦૧૯ના યોજાયેલ છે,** જેમાં ચાર અતિથિ વિશેષ મહાનુભાવો પૈકી ત્રણ સદસ્યો આપણા સમાજના જ ઉપસ્થિત રહેશે અને પોતાના અનુભવની વાતો રજુ કરશે તે સમયે સર્વેને અને ખાસ કરી વિદ્યાર્થીઓને ઘણી માહિતીઓ મળશે એટલે ઉપસ્થિત રહેવા વિનંતી કરું છું.

શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણી અવસરે સંસ્થાનું ભંડોળ મજબુત બનાવવા **ઓછામાં ઓછા રૂપિયા બે લાખનું દાન શતાબ્દી ફંડમાં આપવા અંગે અપીલ કરવામાં આવેલ છે,** જેને સમાજના પરિવારો દ્વારા સુંદર પ્રતિસાદ સાંપડેલ છે, આપ સર્વે પરિવારજનોને પણ સંસ્થાની ઝોળી છલકાવી દેવા હાર્દિક વિનંતી કરું છું.

પાટણના પનોતા **પુત્ર ગચ્છાધિપતિ વિજય જયઘોષસુરિશ્વરજી મ.સા.નું નાદુરસ્ત સ્વાસ્થ્ય બાદ કાળધર્મ થયાનું બેહદ દુઃખ છે.** ૭૦ વર્ષના દીક્ષા પર્યાયમાં તેઓએ આદરેલ જિનશાસનના કાર્યોની ભૂરી ભૂરી અનુમોદના.

❑ દિનેશ શાંતિલાલ શાહ

શ્રી પાટણ જૈન મંડળ આયોજિત

શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા પ્રેરિત

સમૂહલગ્ન સમારોહ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે **સત્યાવીસમાં સમૂહલગ્ન** સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

સંવત ૨૦૭૬ મહાવદ ૮

દિનાંક : તા. ૧૬-૦૨-૨૦૨૦, રવિવાર

સમૂહ લગ્નમાં જોડાવવા અંગેના માહિતી ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા.

ફોર્મ ભરવાની છેલ્લી **તા. ૧૫-૧૨-૨૦૧૮ છે**

વધુ માહિતી માટે સંપર્ક

શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય – ૨૨૮૧૧૩૪૬

નોંધઃ ગતાંકમાં ફાગણ સુદ ૧૪ની જાહેર થયેલ તિથિ શરત ચૂકથી પ્રકાશિત કરવામાં આવેલ જેની નોંધ લેવી.

સાંતાક્રુઝ ખાતે શ્રી બી. ડી. એસ. વિદ્યાલયના અમૃત મહોત્સવ ઉજવણી નિમિત્તે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા સમાજ શ્રેષ્ઠીઓનો સ્નેહ મિલન કાર્યક્રમ અહેવાલ

શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા સમાજ શ્રેષ્ઠીઓનો સ્નેહ મિલન કાર્યક્રમ વિદ્યાલયના અમૃત મહોત્સવ ઉજવણીના ઉપક્રમે રવિવાર, દિનાક ૨૦-૧૦-૨૦૧૯ના રોજ ઉમંગ હોલ મધ્યે યોજાયેલ. સાંતાક્રુઝ ખાતે મધુર સંગીતની રમઝટ સાથે મનોરંજન કાર્યક્રમમાં લગભગ ૨૨૫ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા સમાજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. ૧૯૪૮ની સાલથી ૨૦૧૨ના વર્ષ સુધીના વરિષ્ઠ તથા યુવાન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના પરસ્પરના સ્નેહ મિલનથી ઈતિહાસની યાદો તાજી કરાઈ હતી. માનદમંત્રી **શ્રી રાજેન્દ્રભાઈ શાહ** દ્વારા સર્વેને આવકાર તથા વિદ્યાલયના ઈતિહાસના સંસ્મરણ રજુ કરાયા બાદ ઉપપ્રમુખ **ડૉ. યશવંતભાઈ ઝવેરી**એ વિદ્યાલયની પ્રગતિનો ચિતાર રજુ કરતા ઉપસ્થિત મહાનુભાવોએ હર્ષ પૂર્વક વધાવ્યો હતો. વધુમાં તેઓએ અમૃતમહોત્સવના સંભારણા રૂપે **વિદ્યાર્થી ફી માફી યોજના** તેમજ **'સ્કુલ ડેવલોપમેન્ટ ફંડ'ની** જાહેરાત કરતા ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા સમાજ શ્રેષ્ઠીઓએ ૪૧ લાખ જેટલી સખાવતની જાહેરાત કરી આ ફંડની સ્કીમને અપૂર્વ આવકારી હતી.

સમગ્ર જન સમુહે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની આત્મિયતાને, વિદ્યાલય પ્રત્યેની લોકોની લાગણીઓ અને દાતાઓની અનુમોદનાર્થે તાળીઓના ગડગડાટથી વધાવી હતી. પ્રિન્સીપલ શ્રી **ડૉ. બળદેવભાઈએ** સ્કુલની વર્તમાન પ્રગતિની ઝાંખી આપી આ સ્કુલ આવનાર સમયમાં પાટણની શ્રેષ્ઠ સ્કુલ બનશે તેવો વિશ્વાસ પણ પ્રગટ કર્યો હતો. કાર્યક્રમના અંતમાં કન્વીનર **શ્રી દાનેશભાઈ માટલીવાળાએ તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૧૯ થી તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ પાટણ ખાતે થનાર ઉજવણીમાં સર્વેને પધારવા આમંત્રણ આપ્યું હતું.**

કાર્યક્રમ દરમ્યાન આજના અવસરે વિદ્યાલયને ભેટ આપનાર સર્વે દાતાઓ તથા અમૃત મહોત્સવ ઉજવણીમાં ખર્ચમાં સહયોગી થનાર સર્વ દાતાઓનું પ્રમુખશ્રી દિનેશભાઈ તથા મુરબ્બી **શ્રી જે.કે. શાહના** હસ્તે પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન કરાયું હતું.

આજના પ્રસંગે મંડળના ટ્રસ્ટી **શ્રી ભરતભાઈ નેમચંદ શાહ, શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ, ડૉ. જશવંતભાઈ મણિલાલ શાહ, શ્રી રમેશભાઈ ઝવેરી, ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ આર. શાહ, એડમિનિસ્ટ્રેશન માનદ્‌મંત્રી શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ, શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ, ફાઈનાન્સ મંત્રીશ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા તથા શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ, શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ તેમજ વિદ્યાલય સમિતિના સભ્યો શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ, શ્રી હિતેશભાઈ જશવંતલાલ, શ્રી પ્રવિણભાઈ એમ. શાહ, ભૂતપૂર્વ પ્રિન્સીપાલ શ્રી ચિનુભાઈ શાહ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી લાલચંદભાઈ એન. ગાંધી** ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન વિદ્યાલયના અમૃત મહોત્સવ નિમિત્તે નવું બનાવેલ લોકગીતની વિડીયો રજુ કરાઈ હતી કાર્યક્રમની સમાપ્તિ બાદ ભોજનનો રસાસ્વાદ માણી સૌ કોઈ મીઠી યાદો સાથે વિદાય થયા હતા.

❑ **વિદ્યાલય સમિતિ**

મકાન વેચવાનું છે

કનાસાના પાડામાં મોટા દેરાસરની સામે (દેરા શેરી) આવેલ મકાન ફર્નીચર સાથે વેચવાનું છે.

સંપર્કઃ

શ્રી દિપકભાઈ ચીમનલાલ શાહ

મો. 98201 10980 / 96640 59599

ASVT

સંસ્થા સમાચાર

❑ **આગામી ૨૧, ૨૨, ૨૩ ડિસેમ્બર ૨૦૧૯માં શ્રી મનમોહનજીની શેરીમાં ભવ્ય મહોત્સવ** યોજાયેલ છે.

પુણ્યનું ભાથું બાંધવા માટે શક્રસ્તવ પૂજન, શ્રી પાર્શ્વ પદ્માવતી પૂજન, શ્રી સિદ્ધચક્ર પૂજનનું આયોજન કરેલ છે.

મનોરંજન માટે ટેલેન્ટ પરેડ, મોકે પે ચૌકા, મ્યુઝિકલ હાઉઝી, બેન્ડ બાજા બારાત જેવા અનોખા કાર્યક્રમથી ભરચક મહોત્સવ.

શ્રી દિપકભાઈ : ફોન નં. 40044849, મો. 9867781077

શ્રી પાટણ જૈન મંડળ

શતાબ્દી ઉજવણી અવસરે-પાટણ નગરે આયોજિત

સ્નેહ મિલન સમારોહ

દિનાંક : વિ.સં.૨૦૭૬, માગસર વદ ૩,
તા.૧૫.૧૨.૧૯, રવિવાર, સવારે : ૯.૩૦ કલાકે

સ્થળ : હેમચન્દ્રાચાર્ય (ઉ.ગુ.) યુનિવર્સિટી કન્વેન્શન હૉલ,
યુનિવર્સિટી રોડ, પાટણ.

કાર્યક્રમ બાદ આયોજીત પ્રીતી ભોજનનો લાભ આપશો.

પાટણ પધારનાર મહાનુભવોએ આમંત્રણ કાર્ડ તા. ૦૧.૧૨ થી ૧૦.૧૨.૧૯ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી.

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

શ્રી ભોગીલાલ દોલતચંદ

સાર્વજનિક વિદ્યાલય-પાટણ

તા. 13th-14th-15th ડીસેમ્બર 2019

અમૃત મહોત્સવ પાટણ પધારવા સ્નેહભર્યું નિમંત્રણ

...કાર્યક્રમની રૂપરેખા...

દિનાંક ૧૩.૧૨.૨૦૧૯, શુક્રવાર

સવારે ૮.૩૦ કલાકે **'સ્પોર્ટસ ડે'** રમત-ગમત સ્પર્ધા.
બપોરે ૧૨.૦૦ થી ૧૨.૪૫ **'પારીતોષિક વિતરણ સમારોહ'**
સાંજના ૪.૩૦ થી ૬.૩૦ **'ગુરૂવંદના'** સંગીતમય કાર્યક્રમ
ભૂતપૂર્વ તથા વર્તમાન શિક્ષકગણનું અભિવાદન.

દિનાંક ૧૫.૧૨.૨૦૧૯, રવિવાર

સાંજે ૫.૩૦ થી ૮.૩૦ **'દાંડીયારાસ-ગરબા'**
ઓરકેસ્ટ્રા તથા DJ ના સથવારે રાસ-ગરબા-ડાન્સનો કાર્યક્રમ.
સાંજે ૮.૩૦ **'આભાર વિધિ'** અમૃત મહોત્સવ સમાપન.

દિનાંક ૧૪.૧૨.૨૦૧૯, શનિવાર

સવારે ૮.૩૦ કલાકે **'શોભાયાત્રા'**
વાજતે ગાજતે બગવાડા દરવાજેથી શરૂ થઈ વિદ્યાલય પરિસર જશે.
સવારે ૧૦.૩૦ થી ૧.૦૦ **'અભિવાદન સમારોહ'**
ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા દાતાપરિવારનો અભિવાદન સમારોહ.
સાંજે ૪.૩૦ ક **'વિદ્યાલય મુલાકાત'** તથા **ડોક્યુમેન્ટરી** ફિલ્મ પ્રસારણ.
સાંજે ૬.૦૦ થી ૯.૦૦ **'સ્પંદન-વાર્ષિકોત્સવ'**
વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા ટેલેન્ટ પરેડ કાર્યક્રમની રજુઆત
તથા "સૌરભ" અમૃત મહોત્સવ ગ્રંથનું પ્રકાશન.

નોંધ : બહારગામથી પધારવા ઈચ્છતા ભૂતપુર્વ વિદ્યાર્થીઓ તેમજ આમંત્રીત મહેમાનોએ અગાઉથી જાણકારી આપી પાસ મેળવી લેવા વિનંતી.

Contact : Rajendra J. shah : 9322227209 • Danesh V. Shah : 9930891985

શ્રી પાટણ જૈન મંડળ

શતાબ્દી ઉજવણી ફંડ

રૂા. ૫ લાખ આપનાર દાતાઓ

દાતાશ્રીના નામ	રહેઠાણ	મહોલ્લો
બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન ટેમ્પલ ટ્રસ્ટ (સાધર્મિક ફંડ)	વાલકેશ્વર	–
બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન ટેમ્પલ ટ્રસ્ટ (સાધર્મિક ફંડ)	,,	–
શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ	,,	મલ્લાતનો પાડો
સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ	,,	કુંભારીયા પાડો
શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ	,,	કુંભારીયા પાડો
શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ	,,	કુંભારીયા પાડો
બાબુ હર્ષભાઈ નરેન્દ્રકુમાર પનાલાલ	,,	ખજુરીનો પાડો
શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ	,,	કુંભારીયા પાડો
શ્રી મફતલાલ ચુડઘર ચેરીટેબલ ટ્રસ્ટ	,,	ચોધરીની શેરી
શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ	મરીનડ્રાઈવ	સિદ્ધચક્રની પોળ
શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ	,,	કનાસાનો પાડો
શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ	,,	ઢંઢેરવાડો
શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા	,,	મનમોહનજીની શેરી
શ્રીમતી નિર્મળાબેન રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ	,,	ખજુરીનો પાડો
શ્રી ગુણવંતભાઈ મણિલાલ શાહ	,,	ભાભાનો પાડો
શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ	,,	કેશુશેઠનો પાડો
શ્રીમતી હંસાબેન પ્રફુલભાઈ ઝભલાવાળા	કોલાબા	ખેતરવસી
શ્રી વિક્રમભાઈ નેમચંદ શાહ	ચોપાટી	ખેતરવસી
શ્રીમતી ડિમ્પીબેન કેયુરભાઈ જશવંતલાલ શાહ	હાજીઅલી	મલ્લાતનો પાડો
શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ	,,	ડંક મહેતાનો પાડો
શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ	,,	ચિતારાની ખડકી
શ્રી દિનેશભાઈ શાંતિલાલ પોપટલાલ શાહ	ગામદેવી	પોળની શેરી
શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ	વિલેપાર્લા	સાલવી વાડો
ડૉ. યશવંતભાઈ હરીલાલ ઝવેરી	,,	સિદ્ધચક્રની પોળ
શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)	,,	કનાસાનો પાડો
શ્રી પ્રદિપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી	જાપાન	ખેતરપાળનો પાડો

શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

નૂતન સહાય યોજના

મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-

કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/- રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/- ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.

આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮

• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ

ADVT

શ્રી પાટણ જૈન મંડળ

પાટણ શતાબ્દી ગૌરવ ફંડ

સંસ્થાની શતાબ્દિ ઉજવણી પ્રસંગે આવક સ્ત્રોતો વધારવા માટે શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પાટણ શતાબ્દિ ગૌરવ ફંડ યોજના શરૂ કરવામાં આવેલ છે. **જેમાં રત્ન સ્થંભ રૂા. ૧૧ લાખ, સુવર્ણ સ્થંભ રૂા. ૮ લાખ અને રજત સ્થંભ રૂા. ૫ લાખ યોજના અંતર્ગત આપશ્રી દાન આપી જોડાઈ શકો છો. નોંધાવેલ રકમ ત્રણ વર્ષની અંદર આપવાની હોય છે.**

રત્ન સ્થંભ રૂા. ૧૧ લાખ

દાતાશ્રીના નામ	રહેઠાણ	મહોલ્લો
સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ	વાલકેશ્વર/વરલી	કુંભારીયા પાડો
શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ	વાલકેશ્વર	કુંભારીયા પાડો
શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ	,,	કુંભારીયાપાડો
શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ	,,	મલ્લાતનો પાડો
શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ	,,	કપુર મહેતાનો પાડો
શ્રી મફતલાલ ચુડ્ઘર ચેરીટેબલ ટ્રસ્ટ	,,	ચોધરીની શેરી
શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ	,,	ભાભાનો પાડો
બાબુ હર્ષભાઈ નરેન્દ્રકુમાર પનાલાલ	,,	ખજુરીનો પાડો
બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ટ્રસ્ટ (સાધર્મિક ફંડ)	,,	–
શ્રી શાંતિલાલ નગીનદાસ શાહ	,,	વખતજીની શેરી
શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ	મરીનડ્રાઈવ	સિદ્ધચક્રની પોળ
શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ	,,	કનાસાનો પાડો
શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ	,,	ઢંઢેરવાડો
શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા	,,	મનમોહનજીની શેરી
શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર શાહ	,,	વખતજીની શેરી
શ્રીમતી અરૂણાબેન બાબુલાલ છોટાલાલ શાહ	,,	વખતજીની શેરી
શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ	,,	કેશુશેઠનો પાડો
શ્રી નિરંજનભાઈ ચીમનલાલ શાહ	,,	ચોધરીની શેરી
શ્રી ગુણવંતલાલ મણિલાલ શાહ	,,	ભાભાનો પાડો
શ્રીમતી હસુમતીબેન અરવિંદભાઈ ગીરધરલાલ શાહ	,,	મલ્લાતનો પાડો
શ્રી જે.કે. શાહ	કેમ્સ કોર્નર	ભાભાનો પાડો
શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ	ગોવાલિયા ટેન્ક	ડંક મહેતાનો પાડો
શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ	તારદેવ	ચિતારાની ખડકી
શ્રી સેવંતીલાલ ભગવાનદાસ ઝવેરી	પ્રાર્થના સમાજ	કનાસાનો પાડો
શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ	ગીરગામ	કુંભારીયા પાડો
શ્રી અશોકભાઈ કીર્તિલાલ ઝવેરી	મહાલક્ષ્મી	મણિયાતી પાડો
ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ	જૂહુ	ભાભાનો પાડો
શ્રી જયેશભાઈ પ્રવિણચંદ્ર શાહ	જૂહુ	ઢંઢેરવાડો
શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ	અંધેરી	સાલવી વાડો
શ્રી સુરેશચંદ્ર હિંમતલાલ પોપટલાલ શાહ	કાંદિવલી	શામળાજીની શેરી

સુવર્ણ સ્થંભ રૂા. ૮ લાખ

શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)	વિલેપાર્લા	કનાસાનો પાડો
શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી	વિલેપાર્લા	મનમોહનજીની શેરી

રજત સ્થંભ રૂા. ૫ લાખ

શ્રી પ્રદિપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી	જાપાન	ખેતરપાળનો પાડો
શ્રીમતી નિર્મળાબેન રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ	મરીનડ્રાઈવ	ખજુરીનો પાડો
શ્રી જયંતિલાલ મણિલાલ દેવડાવાળા	વિલેપાર્લા	લીમડીનો પાડો
શ્રી વિનોદભાઈ સુરજમલ ચોધરી	તારદેવ	ચોધરીની શેરી

H_2O

We have all studied this formula of **H_2O** in our school days which **denotes Water. Our body is basically made up of 50-70% of water.** Our Blood contains 83% water, Lean muscles and Bones are made up of 75% and 22% water respectively and Brain contains 74% water. ***Just a 2% drop in the body's water supply can trigger signs of dehydration. Light dehydration*** causes symptoms such as ***weakness, giddiness, headaches and tiredness,*** where as ***serious dehydration can lead to even death*** in some cases.

When lost liquids are not replaced, the levels of sodium in the bloodstream increase and other complications appear. Under normal conditions, water is eliminated from the body through sweat, urine and tears. The body loses sodium and potassium. The loss of these nutrients may cause death by cardiac arrest.

Now the vital question is how much water should one drink each day, to meet the body's requirement?

As per research, the daily intake for men is 2.5 litres and for women is 2 litres per day but there can be no hard and fast rules, as some people live in tropical regions, perspire more, therefore requires more water intake, sports person will require more water than an office staff, etc. so it depends upon season, region, activity of each individual, etc.

As per Ayurveda, drink water whenever you feel thirsty. Your daily intake of water will be fulfilled if you have sufficient water whenever your body asks for it. Your urine is a secondary confirmation to know if you are amply hydrated. It should be fairly clear and straw coloured. If it's dark yellow you need to drink more water. The lips will also become dry and chapped if the body is not sufficiently hydrated. *Dry and scaly skin, frequent muscle cramps and constipation are signs that you are dehydrated.*

The correct timing and quantity of water to consume is also very important, which is, one glass of water after you wake up which will help to active the internal organs, one glass after taking a bath which helps to lower blood pressure, then two glass 30 minutes before the meal, which will help in digestion and one glass of water before sleep which will avoid stroke or heart attack at midnight. Drinking water immediately before food will reduces digestion and immediately after food will increases assimilation and makes people obese. **Always remember the rule that fill your stomach 50% with food, 25% with water and leave 25% empty for the digestive juices and process.** Warm water consumed in the morning on an empty stomach has a lot of medicinal value.

Some of the guidelines that Ayurveda lays out regarding water intake are,

- Water should always be consumed while one is seated than standing. This helps in proper and efficient absorption and distribution of the water consumed.
- Water should be consumed in small sips and not gulped down in big volumes in one breath, as it helps in preventing dilution of the blood, gastric juices.
- Always drink room temperature or warm water and not ice-cold water. Having cold water will cause many health issues in the long run. It will disturb digestion and will also cause severe constipation, heart issues, etc.

Take water at short intervals regularly when thirsty, don't skip, don't postpone, if you are too busy, download application in your smartphone, which will remind you to drink water at regular interval. Do not replace water with beverages or fruit juice.

Nutrologist Durval Ribas, President of the Brazilian Association of *Nutrology,* explains that if a person does not hydrate himself properly, the systems of his entire body will suffer. Water is responsible for the absorption and distribution of nutrition throughout the body. The movement of water within our cellular systems helps to maintain proper body temperature.

Few benefits of drinking water in the right way are,

- It can **help in weight-loss** as water helps in flushing out the by-products of all the fat one consume. It can also suppress hunger by filling up stomach. water has no calories.
- Being well-hydrated is the key to having a glowing complexion. It also helps in keeping wrinkles and dull skin at bay. A **well-hydrated individual will have well-nourished skin, nails and hair.**
- **One can be energetic** as brain is made up of a lot of water. Drinking enough water helps to concentrate and think clearly in day to day life.
- It **helps in detox as water helps to flush out the toxins** through urine. Even drinking enough water and frequent urination **will reduce the probability of having kidney stones** and will **boost immunity** in general. Keeping yourself well hydrated will aid proper digestion and also relieve you of constipation.
- The hydrated **body's joints are all well lubricated and muscles are more elastic.**
- A well hydrated body **keep the mind calm.** The spirit is always positive and depression becomes almost an impossible phenomenon.

No wonder water is Nectar of life. Happy Drinking!

❑ **Viral Narendra Jhaveri**

નૂતન વર્ષ સ્નેહ સંમેલન સમારંભ અહેવાલ

સ્નેહ સંમેલન કાર્યક્રમ અવસરે ઉપસ્થિત દાતા પરિવાર, મંડળના હોદ્દેદારો તથા અન્ય કાર્યકરો

વિક્રમ સંવત ૨૦૭૬ નૂતન વર્ષ સ્નેહ સંમેલનનો કાર્યક્રમ મંડળ દ્વારા તા. ૦૩-૧૧-૨૦૧૯ના રોજ ગરવારે ક્લબ હાઉસ, ચર્ચગેટ મુકામે યોજાયેલ.

શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ પરિવાર (અતુલ ડ્રગ હાઉસ)ના સહયોગથી યોજાતા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખશ્રીએ, શ્રી સુનીલભાઈ ગુણવંતલાલ શાહ પરિવારનું પુષ્પગુચ્છ આપી અભિવાદન કરેલ.

પાટણ શતાબ્દી ગૌરવ ફંડ યોજનામાં ફાળો નોંધાવનાર દાતાઓમાંથી હાજર રહેલા મહાનુભાવોને સંસ્થાના **હોદ્દેદારોના વરદ હસ્તે ''પીન-પુષ્પગુચ્છ'' આપી સન્માન કરવામાં આવેલ.**

આ પ્રસંગે **વિરેન બીલીસીયા અને સાથી વૃન્દ દ્વારા કર્ણપ્રિય સંગીતનું આયોજન કરાયું હતું** સંસ્થાના પ્રમુખશ્રીના આગ્રહથી. શ્રી રોહિતભાઈ મહાસુખભાઈ શાહે પણ સુંદર ગીત ગાયું હતું જેને શ્રોતાઓનો સુંદર પ્રતિસાદ મળ્યો હતો.

સંસ્થાના **ટ્રસ્ટી શ્રી ભરતભાઈ નેમચંદ શાહ દ્વારા તા. ૨૪-૧૧-૨૦૧૯ના રોજ NSCI Dome વર્લી ખાતે ઉજવવામાં આવનાર શતાબ્દી કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા** તથા વ્યવસ્થાની માહિતી, હાજર સૌને આપવામાં આવી હતી.

સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહે શતાબ્દી ઉજવણી કાર્યક્રમના મુખ્ય સ્પોન્સર શ્રીમતી ચારુબેન તુષારભાઈ શાહના નામની જાહેરાત કરી હતી, જેને હાજર સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી હતી. આ ઉપરાંત ડિસેમ્બર માસમાં પાટણમાં યોજાનાર શતાબ્દી કાર્યક્રમ વિશે માહિતી આપી સમાજના સૌ સભ્યોને આ કાર્યક્રમમાં હાજર રહેવા નિમંત્રણ આપ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારો તથા દાતા પરિવારજનોના **હસ્તે લકી ડ્રો કૂપન કાઢી વિજેતાઓને ઈનામો દાતા શ્રી સુનીલભાઈ ગુણવંતલાલ શાહ પરિવાર દ્વારા આપવામાં આવ્યા હતા.**

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ, પ્રમુખ, ઉપપ્રમુખ, એડમિનિસ્ટ્રેશન, ફાઈનાન્સ તથા વિવિધ સમિતિઓ અને વ્યવસ્થાપક સમિતિના સભ્યો સહીત આશરે ૧૧૦૦ ભાઈ-બહેનો ઉપસ્થિતિ રહેલ.

સંસ્થાના પ્રમુખશ્રીએ પ્રોગ્રામ સમિતિના માનદમંત્રી શ્રી ઉમેશભાઈ રમણલાલ શાહ, શ્રી ભાવેશભાઈ સુધીરભાઈ શાહ તથા એડવાઈઝર શ્રી રોહીતભાઈ શાહ તથા સંસ્થાના મેનેજર મનુભાઈ જોશી તથા કર્મચારીઓએ કાર્યક્રમને સફળ બનાવવા લીધેલ જહેમતની સરાહના કરી હતી.

લક્કી ડ્રોના વિજેતાઓએ પારિતોષિકો સ્વીકાર્યા પછી ખુશનુમાં વાતાવરણમાં સૌ વિખેરાયા હતા.

❑ **પ્રોગ્રામ સમિતિ**

સ્નેહ સંમેલન આયોજનના દાતા પરિવાર

સ્નેહ સંમેલનમાં ઉપસ્થિત ભાઈ બહેનો

ગીત ગાતા શ્રી રોહીતભાઈ

પાટણ શતાબ્દી ફંડ યોજનામાં દાન આપનાર દાતાને ડોનર્સ પીન આપતા ઉપપ્રમુખ

ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરિશ્વરજી, એક પ્રગટ્યો તેજ સિતારો... સિદ્ધસેન દિવાકર

પાટણ એક એવું નગર, જ્યાં વૈરાગ્યના ધોધથી અને જ્ઞાનની દિવેટથી સતત પ્રભાવકોની જ્યોત પ્રજ્વલિત રહે છે.

જિનાલયો, ઉપાશ્રયો અને જ્ઞાનભંડારોના ત્રિભેટે શોભતા આ ધર્મનગરોની ગૃહે એક મીઠી યાદને રેલાવતો ચાંદ ઉગ્યો મુંબઈમાં સંવત ૧૯૯૨, અષાઢ વદ - ૨. તેઓનું સંસારી નામ જવાહર.

બીજના ચંદ્રની જેમ નિરંતર વૃદ્ધિ પામીને, સોળે કળાએ વિકસિત જવાહર જૈન શાસનની આન-બાન ને શાન ધરાવતો સિતારો બનીને ચમકી રહ્યો અને શાસનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવતો ગયો તે જ સિતારો પૂ. ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા.

તેઓ માત્ર નવ વર્ષના હતા અને તેમની વહાલસોયી માતાનું મુંબઈમાં અવસાન થયું. બાળપણથી જ પરિવારના ઉચ્ચ સંસ્કારો અને જૈન ધર્મના સિદ્ધાંતો સાથે આચાર-વિચારપૂર્વક તેમનાં જીવનનું ઘડતર થવા લાગ્યું. તેમના દાદા પૂ. ચૂનીભાઈને આગળ જતાં બધું અપૂર્વ બનવાનું હતું તેનાં એંધાણ આવી ગયા હતા. તેઓએ ભવિષ્ય ભાખી લીધું હતું કે જવાહર જો ઘરમાં રહેશે તો મોટો શેઠ થશે અને જો દીક્ષા લેશે તો જૈન શાસનનો જવાહીર!

જવાહરને તેની માસીના હાથમાં સોંપીને પિતા મફતભાઈએ સંસારનો ત્યાગ કરી સર્વ વિરતિનાં માર્ગે જવા માટેના પ્રયત્નો આરંભ્યા. મનમાં ભાવનાનાં બીજ પાંગરી રહ્યા હતા. જવાહર પણ સાથે ચારિત્ર માર્ગે આવે તો લઈ જાઉ. લાલબાગમાં મુનીશ્રી ભુવન ભાનુ વિજયજીની દેશના શ્રવણ કરતા નિર્ણય લીધો કે આ જ મારા સાચા ગુરુ છે. સદ્‌ગુરુના આશીર્વાદ પ્રાપ્ત થતાં પિતા-પુત્રની જોડીએ વિ.સ. ૨૦૦૬ વૈશાખ વદ ૬ ભાયખલા મુકામે દીક્ષા અંગીકાર કરી અને તેમનું નામ જવાહરમાંથી જયઘોષ પડ્યું.

દીક્ષાનાં પ્રારંભિક ૩ વર્ષમાં ૭-૭ વખત સંસ્કૃતનો અભ્યાસ તો ચાલુ કર્યો, પણ સફળતા દૂર જ રહેતી, તેમ છતાં તેમની શ્રદ્ધા, ધીરજ અને હૈયામાં હામ સાથે પુરુષાર્થની પગદંડી પર ગુરુ ભગવંતના આશીર્વાદ સાથે કદમ માંડ્યા. એક વખત ગુરુએ 'રાયપ્પસેણી' ગ્રંથ વાંચવા આપ્યો અને આ બાલમુનિનો જ્ઞાનયોગ ત્યાંરથી જ શરૂ થઈ ગયો. ઉત્તરોતર પ્રગતિ થતી ગઈ. ત્યાં તો પૂ. પ્રેમસૂરિજીએ એક જ્યોતિર્વિદ્ પાસેથી જાણ્યું કે, 'બાલમુનિને સૂત્ર સ્વાધ્યાય કરતાં અર્થ સ્વાધ્યાય કરાવે' તેમાં તેમની જલ્દીથી માસ્ટરી આવી જશે. આ વાત જાણીને 'બાલમુનિ જયઘોષ'ને 'પહેલાં અર્થદાન પછી સૂત્રદાન'ના પ્રયોગમાં દિન-પ્રતિદિન આગળ વધારતાં રહ્યા. જયઘોષજી બાળપણથી જ ઉચ્ચાર શુદ્ધિ સાથે જ ગાથા સૂત્રો બોલવાનો ખાસ આગ્રહ રાખતા હતા. ત્યારે 'કર્મ સાહિત્ય નવસર્જનમાં આપણા સૂત્રધાર આજ બનશે' તેની પણ કોને ખબર હતી?

શ્રી પ્રેમસૂરિજીએ અને શ્રી ભુવનભાનુસૂરિજીએ પણ 'કમ્મયડીનો' અભ્યાસ કરાવેલ જે આજે પણ જૈનોના ચારે ફિરકાઓમાં આ વિષયના ગહન અભ્યાસી જો કોઈ એક માત્ર હોય તો તે આપણા સહુના ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરિશ્વરજી મહારાજા.

પંચ સંગ્રહ, પ્રાચીન નવ્ય તર્કશાસ્ત્ર, નય પ્રમાણ, નહોપા, ઓવ નિર્યુક્તિ, ઉત્સર્ગ માર્ગ, અપવાદ માર્ગ, શ્રી નિશીથ સૂત્ર, શ્રી બૃહદ કલ્પ વ્યવહાર પ્રાયશ્ચિતના છેદ સૂત્ર વગેરે સાંગોપાગ ભણાવેલ.

બાલમુનિએ આયંબિલનો તપ કરી 'નમો જિણાંણ જિઅભયાણં'નો સાડા બાર હજાર જાપ કર્યા હતાં. આ જાપ દરમ્યાન એક રાતના સમયે દેવી સંકેત મળ્યો. સંકેતમાં ૩ વાત હતી.

૧. ગુરુથી કોઈ વાત છૂપાવવી નહીં, ગુરુની ઈચ્છાનુસાર વર્તવું.

૨. સાધુ - સેવાના અવસરે બીજા બધા અભ્યાસી કાર્યો ગૌણ કરવા.

જેમ વ્રજસ્વામીએ ઘોડિયામાં સૂતાં સુતાં ૧૧ અંગ ભણ્યા તેમ સાહેબ દાદાગુરુની બાજુમાં બેઠા બેઠાં ૧૧ અંગ ભણ્યા. વિ.સ. ૨૦૧૬ થી જ પૂ. દાદા ગુરુજીએ તેમની બાજુમાં પાટ પર બેસાડી ૫-૧૦ મિનિટના વ્યાખ્યાન આપવાની પ્રેક્ટિસ કરાવી ત્યારથી શરૂ થયેલી તેમની પ્રવર્ચનધારા સતત અંત સુધી ચાલતી રહી. જેમાં ક્યારેય પણ વાંચનમાં આવતા પદાર્થો રીપોર્ટ થતાં નહોતા!

તેમની વિદ્વતા જોઈને પૂ. પ્રેમસૂરિજી એટલા બધા પ્રભાવિત થયા કે કર્મ, આચાર વગેરે બાબતોમાં જયઘોષ વિજયજીની સલાહ લેવાનું કહેતા! એટલું જ નહીં પણ અંત સમયે સમુદાયને હિતશિક્ષા આપેલ કે 'આગમ'ના વિષયમાં પણ જયઘોષ વિજયજીની સલાહ લેવી.

તેમની યોગ્યતા જોઈને શ્રીમદ્ રામચંદ્ર સૂરિજીએ સંવત ૨૦૩૪, વૈશાખ સુદ પાંચમનાં રોજ પંન્યાસ પદવીથી વિભૂષિત કરેલ ત્યારબાદ સંવત ૨૦૪૦ મહાસુદ ૧૩ના રોજ જળગાંવમાં આચાર્ય પદવી સાથે 'સિદ્ધાંત દિવાકર'ની પદવી પણ આપેલ.

ગચ્છાધિપતિ સર્વાધિક શ્રમણોના સાર્થવાહ હતા. ૬૫૦ જેટલાં શ્રમણો, ૩૦૦થી અધિક સાધ્વીજીઓના નાયક હતા. ગચ્છાધિપતિ સૌથી વધુ વિશાળ સાધુ સમુદાય ૬૧૨નો ધરાવે છે.

તેઓ ૮૬ વર્ષની વયે, વિ.સ. ૨૦૭૬ કારતક વદ ૨ ના તા. ૧૪-૧૧-૨૦૧૯ના રોજ અમદાવાદ મુકામે કાળધર્મ પામી જૈન શાસનના ચમકતાં સિતારા બની ઝળહળી ઉઠ્યા.

અપાર પ્રેમ અને અપૂર્વ પૌરુષના ધારક ગુણગરિમ, ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરિશ્વરજી મહારાજાના ચરણોમાં સર્વે પાટણના વતની ઓના શતઃશતઃ વંદન.

શ્રી પાટણ જૈન મંડળ - વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહ

એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ, ડિગ્રી ડિપ્લોમાં કોર્સ તેમજ વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે તેમને મંડળ તરફથી પારિતોષિક તથા મેરિટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે, તેમ જ વર્ષ દરમ્યાન **'પાટણ પ્રતિબિંબ'માં** પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ-બહેનોનું **શ્રી નેમચંદ જેશંગલાલ શાહ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિક** એનાયત કરી અભિવાદન કરવા માટેના સમારંભનું નીચેની વિગતે આયોજન કરાયેલ છે.

રવિવાર તા. ૨૨-૧૨-૨૦૧૯
સ્થળ : એસ. કે. સોમાની હોલ, હિન્દી વિદ્યાભવન, મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦

આ સમારંભમાં ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનું ફોર્મ ભરેલ છે, છતાં કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત **અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે ફોર્મ ભરીને તા. ૫-૧૨-૨૦૧૯ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવું. Form Onlineથી પણ ભરી શકાશે.**

વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ કરવા માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે હેતુથી નીચે જણાવેલ મહાનુભવો વક્તવ્ય આપશે.

સમાજના સર્વે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને આ પ્રસંગે પધારવા હાર્દિક આમંત્રણ છે.

Shri Ajitbhai Jayantilal Shah
(Limdino Pado)
B.Com, LL.B, Diploma in Export Import Management
Faculty and Consultant for International Business

Shri Sagar Rohitbhai Shah
(Kanasano Pado)
B.E.(Chem.),
Master of Manag., LL.B., APICS USA Corporate Relationship Manager, Corporate Banking.

Shri Vicky Shah
B.Sc.I.T., P.G.D.I.T., P.G.D. Cyber Law, M.C.A., LL.B.
Advocate-Author-Trainer - Speaker

Shri Yash Chiragbhai Shah
(Sidhchakrani Pole)
Bachelors of Science in Computer Science + Minor in Business & Entrepreneurship
Job:- Oracle - Cloud Solution Engineer (Los Angeles, California)

।। શ્રી રિદ્ધિ સિદ્ધિ પાર્શ્વનાથાય નમઃ।। Trust Regd No. E-19623

''શ્રી જીવદયા ધામ તીર્થ''

તીર્થ એડ્રેસ : ગામ-ભાલીવલી, પોસ્ટ-ખાનીવાડે, મુંબઈ અમદાવાદ નેશનલ હાઈવે રોડ, (શિરસાડથી ૫ કિ.મી. દૂર) તા. વસઈ, જિ. થાના, પીન - ૪૦૧૩૦૩

Office No. : 9167324844 **Enquiry No.** 9619583620/9930582785/ 9324249554
E-mail: jeevdayadham@gmail.com • Website:www.jeevdayadham.org

તીર્થ પ્રેરક : પૂ. પ્રવર્તક શ્રી રાજચંદ્રવિજય (નિરાલાજી) મહારાજ સાહેબ
આશીર્વાદથી : પ.પૂ. તપસ્વીની સાધ્વી શ્રી ચારૂશીલાશ્રીજી
પ્રતિષ્ઠાકારક : પ.પૂ. આ. વિજય જગવલ્લભસૂરીશ્વરજી મહારાજા

૧. **દેરાસર :** સંકુલમાં શ્રી રિદ્ધિ-સિદ્ધિ પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે.
૨. **સહસ્ત્રકુટ :** સહસ્ત્રકુટમાં ૧૦૨૪ તીર્થંકરોને નમન કરીએ છીએ.
૩. **ઉપાશ્રય :** સાધુ અને સાધ્વીજી ભગવંતો માટે વિશાલ ઉપાશ્રય છે.
૪. **મોટો હોલ :** ૮૦૦૦ સ્કે.ફીટ,નો એક વિશાલ વ્યાખ્યાન હોલ છે.
૫. **નાનો હોલ :** બે નાના હોલ ૧૨-૧૫ લોકોનો સમાવેશ થઈ શકે છે.
૬. **ભોજનશાળા :** એક સમય ૧૦૦ લોકો ભોજન કરી શકે એવી વિશાલ જગ્યા છે.
૭. **ધર્મશાલા :** ૧૪ નોન-એસી રૂમ અને ૧૦ એસી રૂમ છે.
૮. **વૈયાવચ્ચ કેન્દ્ર :** હાઈવે ટચ વૈયાવચ્ચ કેન્દ્રમાં ૫૦ વસ્તુઓ મુકવામાં આવેલ છે.
સાધુ-સાધ્વીજી ભગવંતોની જરૂરિયાતનો ખૂબ લાભ મળે છે.
૯. **પાંજરાપોળ :** ૧૨ શેડોમાં ૪૦૦ જાનવરોની સારવાર થાય એવી સ્વચ્છ પાંજરાપોળ છે. હાલમાં ૨૫૧ જાનવરોની સેવા થાય છે. જાનવરોને સતત નવકાર મંત્રની ધુન સંભળાવામાં આવે છે.

ADVT

સાભાર સ્વીકાર

શતાબ્દી ઉજવણી સૌજન્ય દાતા :

૨૫,૦૦,૦૦૦/- શ્રીમતી ચારુબેન તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)

શતાબ્દી ઉજવણી ભેટ :

૫,૦૦,૦૦૦/- શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
૫,૦૦,૦૦૦/- સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પરિવાર (કુંભારીયા પાડો)
૫,૦૦,૦૦૦/- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ (ચીતારાની ખડકી)
૫,૦૦,૦૦૦/- શ્રી. વિક્રમભાઈ નેમચંદ શાહ (મહાદેવાજીની શેરી)
૫,૦૦,૦૦૦/- શ્રીમતી ડિમ્પીબેન કેયુરભાઈ જશવંતલાલ શાહ (મલ્લાતનો પાડો)

શ્રીમતી સાધનાબેન મહેન્દ્રકુમાર પોપટલાલ શાહ વિધવા સહાય ફંડ :

૧૦,૦૦,૦૦૦/- શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)

શતાબ્દી ગૌરવ કોરપસ ફંડ :

૪,૫૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)
૩,૫૦,૦૦૦/- શ્રી અશોકભાઈ કીર્તિલાલ ઝવેરી (મણિયાતી પાડો)

ઝભલાવાળા મેમોરિયલ કેન્સર રીલીફ ફંડ

૨,૦૦,૦૦૦/- શ્રી ધીરેનભાઈ જયંતિલાલ શાહ તથા શ્રી નરેનભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) (મહાદેવાજીની શેરી)

વિદ્યાલય સ્કોલરશીપ સહાય ફંડ

૧,૦૦,૦૦૦/- શ્રીમતી કાન્તાબેન મોહનલાલ શાહ (ચોધરીની શેરી)
હ. શ્રી ભરતભાઈ, શ્રી પ્રકાશભાઈ, શ્રી અતુલભાઈ, શ્રી દિપકભાઈ, શ્રી પ્રદિપભાઈ, શ્રી દિલીપભાઈ
૧,૦૦,૦૦૦/- શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ શાહ (ભાભાનો પાડો)
૧,૦૦,૦૦૦/- સ્વ. શ્રીમતી કલાવતીબેન બાબુલાલ શાહ (મલ્લાતનો પાડો) હ. શ્રી રાકેશભાઈ
૧,૦૦,૦૦૦/- મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન
હ. શ્રી પ્રવિણભાઈ મફતલાલ શાહ (કુંભારીયા પાડો)
૧,૦૦,૦૦૦/- શ્રી હર્ષદભાઈ વાડિલાલ શાહ (લીંબડીનો પાડો)
૧,૦૦,૦૦૦/- શ્રી મીતીનભાઈ અંબાલાલ પટેલ - અમદાવાદ
૫૦,૦૦૦/- શ્રી પ્રદિપભાઈ જશવંતલાલ શાહ (મારફતિયા મહેતાનો પાડો)

વિદ્યાલય અમૃત મહોત્સવ ઉજવણી ફંડ :

૭૫,૦૦૦/- શ્રી મીતીનભાઈ અંબાલાલ પટેલ - અમદાવાદ

સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :

૧,૨૫,૦૦૦/- શ્રી મુકેશભાઈ લલિતકુમાર શાહ (કોકાનો પાડો)
હ. શ્રીમતી ચેતનાબેન મુકેશભાઈ શાહ
૧,૦૦,૦૦૦/- શ્રી મહાવીરનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - કાંદિવલી

સિનિયર સીટીઝન સહાય ભેટ

૧૫,૦૦૦/- શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

હેલ્થકેર સાધન ભેટ

૧૦,૦૦૦/- શ્રીમતી જયશ્રીબેન શરીરામુલું
૭,૫૦૦/- શ્રી રતનશીભાઈ શાહ
૫,૦૦૦/- શ્રી જતીનભાઈ શાંતિલાલ પારેખ

❑ શ્રી સિદ્ધહેમ - જ્ઞાનપીઠ - પાટણનું ગૌરવ

પાટણ નગરી વિદ્યાનગરી છે, અનેકવિધ વિષયોનું અધ્યયન કાર્ય સિદ્ધહેમ જ્ઞાનપીઠમાં ચાલી રહેલ છે. સારી સંખ્યામાં સાધુ-સાધ્વીજી ભગવંતો અને મુમુક્ષુ ભાઈ-બહેનો લાભ લે છે. ખાસ આનંદની વાત છે કે સિદ્ધહેમ જ્ઞાનપીઠમાં સંસ્કૃત વિષયના અધ્યયન માટે અમેરિકાથી ૧ બેન પધાર્યા છે. પ્રતિદિન જ્ઞાનપીઠમાં ૬ થી ૭ કલાક પંડિતજીના માર્ગદર્શન પ્રમાણે સંસ્કૃતના વિષયને મૂળથી ભણવાનું પવિત્ર કામ કરી રહેલ છે, ત્યારે બીજી એક ૧૨ વર્ષની દીકરી પણ ગાંધીનગરથી ભણવા આવેલ છે, તેની ભાવના ૪-૫ વર્ષ સુધી પાટણમાં રહી જ્ઞાનપીઠમાં અભ્યાસ કરી ચતુર્વીધશ્રી સંઘમાં જ્ઞાનપ્રદાન કરી જિનશાસનની સેવા તથા શ્રુતોપાસના કરવાની છે, ધન્ય છે બન્ને બહેનોને....

શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

જ્ઞાતિ	મહોલ્લો	સ્વર્ગસ્થનું નામ	વય	સ્થળ	તારીખ	તિથિ
દશા ઓસવાલ	વસાવાડો	કિરણબેન નરેશભાઈ શાહ(ઘડિયાળી)	૭૪	કાંદિવલી	૦૧-૧૦-૧૯	આસો સુદ ૦૩
વિશા શ્રીમાળી	ખેતરપાળનો પાડો	શાંતાબેન અમૃતલાલ મહેતા	૯૫	કાંદિવલી	૨૪-૧૦-૧૯	આસો વદ ૧૧
સાલવી	સાલવી વાડો	હર્ષદાબેન મંગલેશકુમાર સાલવી	૬૬	સુરત	૨૪-૧૦-૧૯	આસો વદ ૧૧
વિશા પોરવાળ	ચોધરીની શેરી	દિનેશભાઈ સુરજમલ શાહ	૮૨	અમેરિકા	૨૭-૧૦-૧૯	આસો વદ ૧૪ ✷
વિશા શ્રીમાળી	ચોધરીની શેરી	પ્રતિમાબેન હેમચંદભાઈ શાહ	૭૪	અંધેરી	૧૧-૧૧-૧૯	કારતક સુદ ૧૪
વિશા શ્રીમાળી	લખિયારવાડો	ઉષાબેન રમેશભાઈ શાહ	૭૨	સાંતાક્રુઝ	૧૩-૧૧-૧૯	કારતક વદ ૦૧

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

અભિનંદન



BHAVYA SHAH

Bhavya Shah (Age 18 years), son of Smt. Tejal & Ashish Arvindkumar Shah from Fofaliya Wado - Vakhatjini Sheri, recently won the **World Schools Debating Championship 2019,** the world's most prestigious debating tournament for high school students. It was held in Bangkok, from 24-31st July, and hosted 64 participating nations. Bhavya along with his 4 teammates on the Indian national debate team, won 8/8 preliminary rounds. In the knockout rounds, India defeated Bangladesh in the Octofinals, then eliminated Pakistan decision in the Quarters and won against the defending champions Team China in the Semis, and in they won against Team Canada. At the end of the tournament, Bhavya was declared 6th best speaker in the world as well as 5th best ESL speaker. In other competitions in the past, he has ranked Best Speaker at a debate tournament at Cornell University, New York, USA; was part of the runnerup team at the Oldham Debate Cup in Singapore; secured Best Orator at the International Adolescence Summit 2017; and won Best Delegate at the Indian International MUN Championship Conference 2016.

NIMAY SHAH

Nimay Shah (Age 13) son of Smt. Niyati & Hemal Vilashbhai Shah (Tardeo) Patan Khetarvasino Pado, Mahadevajini Sheri, **Won Gold Medal in Zonal and Regional Event of Karate,** Held in Mumbai. Category under 14 age, boys (50-55 kg) and further selected for National School Games held in Kolkata, where he won Bronze medal in Kumite under 14 age, boys (Weight 50-55 kg category). Shree Patan Jain Mandal Congratulates Nimay for his wonderful achievement and wish him best of luck for Future tournaments.

PATOLA OF PATAN PVT. LTD
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

Ashokbhai Salvi	Viral Salvi	Ujjaval Salvi	Nirmal Salvi
09925233484	09925651695	09825448498	09898143484

Tel (91-2766) 232172 / 222182
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT

ઓક્ટોબર- ૨૦૧૯, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલય:-
૫૨૦, પંચરત્ન, ઓપેરાહાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪.
ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

સુશીલાબેન બાલુભાઈ પોપટલાલ શાહ, ૨૧,૦૦,૦૦૦
ફોફલિયો વાડો - પોળની શેરી
M/s. K. Seventilal & Co. ૭,૦૦,૦૦૦
સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ ૭૫,૦૦૦
શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (અંધેરી ઈસ્ટ) ૭૧,૦૦૦
મે. કીર્તીલાલ જેશીંગલાલ ચોક્સી એન્ડ કું. ૫૪,૦૦૦
શ્રી કીરીટભાઈ રસિકલાલ શાહ (ઝવેરીવાડો)૫૧,૦૦૩
પૂ. સાધ્વી ચંદ્રયશાશ્રીજી મહારાજની પ્રેરણાથી,૫૧,૦૦૦
શ્રી જવાહરનગર જૈન સંઘ ગોરેગામ પ્લોટ નં. ૨૩૫ની આરાધાના કરતી બહેનો, પ્રફુલભાઈ કાંતિલાલ શાહ, મૃદુલાબેન પ્રફુલભાઈ, શાંતિલાલ પુનમચંદ ઈત્યાદિ
શ્રી વિલેપાર્લા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટીઝ (પાર્લા વેસ્ટ) ૫૦,૦૦૦
Hitech Tools & Instruments ૩૬,૦૦૦
શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ ૩૧,૦૦૦
શ્રી સતીષભાઈ જરીવાલા, મુંબઈ ૩૦,૦૦૦
શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહ (મરીનડ્રાઈવ) ૨૭,૦૦૦
શ્રી અક્ષયભાઈ નવિનચંદ્ર જેશીંગલાલ શાહ (કપુર મહેતાનો પાડો) હ. શ્રીમતી કલ્પનાબેન શાહ ૨૫,૦૦૦
શ્રી ઉમરા શ્વે. મુ. જૈન સંઘ (ઉમરા - સુરત) ૨૫,૦૦૦
શ્રી શાલીનભાઈ હેમંતકુમાર શાહ, વડોદરા ૨૫,૦૦૦
શ્રીમતી સરલાબેન દેવેન્દ્રકુમાર શાહ (પડીગુંદીનો પાડો) હ. શ્રી વિદ્યુતભાઈ, શ્રી કેતનભાઈ ૨૧,૦૦૦
શ્રી ઢંઢેરવાડા મહોલ્લાના ભાઈઓ તરફથી, હ. ચિંતન ચોક્સી, પાટણ ૨૧,૦૦૦
શ્રી શાંતિનાથ જૈન સંઘ (મલાડ (ઈ) ૨૦,૦૦૦
મે. વાસુ કેમિકલ LLP ૧૫,૦૦૦
શ્રી નગીનભાઈ પોષધશાળા, પાટણ ૧૫,૦૦૦
શ્રી સુરત પાટણ જૈન મંડળ (સુરત) ૧૩,૫૦૦
શ્રી બિનિતાબેન તુષારભાઈ જે. શાહ ૧૩,૪૦૦
શ્રીમતી મમતાબેન સંજયકુમાર સાંડેસરા ૧૧,૧૧૧
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર (અરવિંદકુંજ, તારદેવ) હ. સરોજબેન ૧૧,૦૦૦
સ્વ. શ્રી રાજેન્દ્રભાઈ ગભરૂચંદ શાહ (ઝવેરીવાડો) ૧૧,૦૦૦
શ્રીમતી માલતીબેન રાજેન્દ્રભાઈ શાહ (ઝવેરીવાડો) ૧૧,૦૦૦
શ્રીમતી અનુસુયાબેન બાલુભાઈ શાહ ૧૧,૦૦૦
શ્રીમતી હંસાબેન હસમુખભાઈ શાહ ૧૧,૦૦૦
શ્રી હરનીકભાઈ રમણલાલ શાહ ૧૧,૦૦૦
શ્રી ધ્યાનસ પ્રતિકભાઈ શાહ ૧૧,૦૦૦
શ્રી આદેશ્વર શ્વે. મુ. જૈન સંઘ (અંધેરી (ઈ) ૧૧,૦૦૦
શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ સાયન ૧૧,૦૦૦
શ્રી હસમુખભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો) ૧૧,૦૦૦
શ્રી કરન બિમલકુમાર શાહ (અબજી મહેતાનો પાડો) ૧૧,૦૦૦
સ્વ. કિરણબેન નરેશભાઈ શાહ,વસાવાડો,પાટણ ૧૧,૦૦૦
શ્રી કેશરીયાજી આદેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટ,અંધેરી ૧૦,૦૦૦
શ્રી નેમીનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ૧૦,૦૦૦
શ્રી શાંતિનાથ જૈન દેરાસર ટ્રસ્ટ (પાલડી-અમદાવાદ) ૧૦,૦૦૦
શ્રી જૈન દર્શન ઉપાસક સંઘ - જામનગર ૧૦,૦૦૦

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે ADVT

Postal Regd. No. MCS / O84 / 2018-20 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2019.
PATAN PRATIBIMB ● November 2019 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત
શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ

પીપળાશેર, પાટણ. ફોન : ૦૨૭૬૬-૨૨૦૭૧૫

નૂતનીકરણ થયાપછી આધુનિક સગવડ ધરાવતા વિશેષ આકર્ષણો...

- સુવિધા ધરાવતી અદ્યતન લિફ્ટ
- પ્રત્યેક બ્લોકમાં LCD ટીવી
- એસી તેમજ નોન એસી બ્લોક
- પ્યુરીફાઈડ વોટર કુલર
- વેસ્ટર્ન ટાઈપ ટોયલેટ
- ગરમપાણીની સુવિધાર્થે સોલાર ગીઝર
- અતિથિગૃહની લગોલગ જૈન ભોજનશાળામાં નવકારશી, બપોરનું ભોજન તથા ચોવીહારની વ્યવસ્થા.
- ધાર્મિક તેમજ લગ્ન પ્રસંગે ગ્રુપ બ્લોક બુકીંગની સગવડ
- મુંબઈમાં સંસ્થાની ઓફિસમાંથી રૂમ બુકીંગ થાય છે.
  સંપર્ક : ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮
- ચેક ઈન ટાઈમ ૯.૩૦ - ચેક આઉટ ટાઈમ ૯.૦૦
- બ્લોક બુકિંગ ચાર માસ અગાઉ કન્ફર્મ કરવામાં આવે છે
- પેન / આધાર કાર્ડની ઝેરોક્ષ આપવી અનિવાર્ય રહેશે
- વધુમાં વધુ ૧૫ બ્લોકોનું બુકિંગ કરવામાં આવે છે.
- સંજોગોવસાત બ્લોક બુકિંગ રદ્દ કરવાનું થાય તો ૧૫ દિવસ અગાઉ જાણ કરાતા ૫૦ ટકા રકમ રીફંડ આપવામાં આવશે.

પાટણ પધારો ત્યારે આપણા જ અતિથિગૃહમાં ઉતરવાનો આગ્રહ રાખવો.

Tentative Programs for Forthcoming Months

S No	Committee	Day	Date	Tithi	Time	Place	Program
1.	Vidhyalay	Fri,Sat,Sun	13,14,15 Dec.	Mag V. 1,2,3/4		Patan	-
2.	PJM	Sun	15th Dec.	Mag V. 3	10 am	Patan	Shatabdi Sneh Milan
3.	Education	Sun	22nd Dec.	Mag V 11	9 am to 12pm	Hindi Vidhya Bhavan	Prize Distribution

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
Editor : CHANDRAVADAN SARABHAI SHAH

TO,